www.jigarpublicity.com
Industrial Directory Publisher
Jhgadia, Dahej, Panoli, Nandesari (Padra), Saykha, Vilayat, Dahej & Narmadanagar
Jigar Publicity
jigarpublicity@gmail.com |+91 9998980519

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 16 ISSUE : 20 DATE: 16- 01 -2025 (વિક્રમ સંવત ૨૦૮૧ પોષ વદ ત્રીજ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

# ફાર્મા એકમોને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટના સુધારેલા શેડ્યૂલ Mને લાગુ કરવા માટે ૧૨ મહિનાનો વધારાનો સમય આપવામાં આવ્યો




કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ૪ જાન્યુઆરીએ દવા ઉત્પાદન ઉદ્યોગને પાલન કરવા માટે વધારાના ૧૨ મહિનાનો સમય આપવા માટે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટના શેડ્યૂલ સ્ના સુધારેલા ધોરણોના અમલીકરણની તારીખમાં સુધારો કર્યો હતો. ફાર્માસ્યુટિકલ કંપનીઓએ હવે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં વધુ સારી મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસનું પાલન કરવું પડશે. મેન્યુફેક્ચરિંગ એકમોએ તેમની સુવિધાઓને અપગ્રેડ કરવા માટે સમય માંગ્યા બાદ વિસ્તરણ કરવામાં આવ્યું છે.

અગાઉ કેટલાક ઇન્ડસ્ટ્રીઅલ એસોસિએશનોએ આરોગ્ય મંત્રાલયને સમય વધારવા માટેની રજુઆત કરી હતી તેમજ પોતાની મુશ્કેલીઓ વ્યક્ત કરી હતી.

શેડ્યૂલ સ્એ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ ૧૯૪૫નો એક ભાગ છે જે ભારતમાં ફાર્માસ્યુટિકલ ઉત્પાદનો માટે ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસ (GMP)ની રૂપરેખા આપે છે. તે ઉત્પાદન પ્રક્રિયામાં વપરાતા પરિસર, પ્લાન્ટ અને સાધનો માટેની આવશ્યકતાઓને આવરી લે છે.

ઝડપથી બદલાતા ફાર્માસ્યુટિકલ ઉત્પાદન અને ગુણવત્તા સાથે તાલમેલ જાળવી રાખવા માટે, સરકારે કાયદાની વર્તમાન સૂચિ 'M' માં ઉલ્લેખિત GMPsમાં ફેરફાર કર્યો છે.

ડિસેમ્બર ૨૦૨૩માં નવું શેડ્યૂલ સ્ જાહેર કરવામાં આવ્યું હતું. વર્તમાન શેડ્યૂલ સ્ માંથી સુધારેલા શેડ્યૂલ સ્માં સરળતાથી સંક્રમણ કરવા માટે, મોટા ઉત્પાદકો માટે છ મહિના (૨૫૦ કરોડનું ટર્નઓવર) અને માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSMEs) (૨૫૦ કરોડ ટર્નઓવર ) માટે અનુક્રમે ૧૨ મહિના નક્કી કરવામાં આવ્યા હતા.

નોટિફિકેશન અનુસાર, ૨૫૦ કરોડ રૂપિયાથી વધુનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા એકમોએ ૧ જુલાઈ, ૨૦૨૩થી સુધારેલા શેડ્યૂલ M ધોરણોનું પાલન કરવાનું હતું. ૨૫૦ કરોડથી ઓછું વાર્ષિક ટર્નઓવર ધરાવતા એકમો (MSME) માટે અમલીકરણની તારીખ ૧ જાન્યુઆરી, ૨૦૨૫ હતી.

જો કે, ફાર્મા MSMEsનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ ઉદ્યોગ સંગઠનો દ્વારા આ સમયમર્યાદા વધારવાની માંગને પગલે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ડ્રાફ્ટ સૂચના જારી કરવામાં આવી છે, જેમાં તેમને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) સાથે નોંધણી કરવા તેમજ તેની સાથે અપગ્રેડેશન માટેની તેમની યોજનાઓ શેર કરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો છે.

આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, “આવા એકમોને એટલે કે વર્ષના અંત સુધી કુલ બાર મહિનાનું વિસ્તરણ આપવામાં આવશે.

૩ મહિના પછી, આ સવલતોનું ઓડિટ કરવામાં આવશે અને જો પ્રતિબદ્ધ અપગ્રેડનો અમલ કરવામાં ન આવે તો યોજનાના અમલીકરણની સ્થિતિના આધારે પગલાં લેવામાં આવશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, ‘‘સમયમર્યાદા વધારવાની માંગ કરવાનું મુખ્ય કારણ અપગ્રેડેશન માટે નાણાંની વ્યવસ્થા અને જરૂરી ફેરફારોના અમલીકરણ માટે સમય આપવાનું છે. અમલીકરણની તારીખમાં વિસ્તરણ આપવાના મુદ્દા પર વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.’’

શિડ્યુલ સ્માં સુધારો ભારતના ઉત્પાદન ધોરણોને વૈશ્વિક ધોરણો, ખાસ કરીને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના માપદંડોની સમકક્ષ લાવવા અને વૈશ્વિક સ્તરે સ્વીકાર્ય ગુણવત્તાની દવાઓનું ઉત્પાદન સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવ્યો હતો.

સામગ્રી, પદ્ધતિઓ, મશીનો, પ્રક્રિયાઓ, કર્મચારીઓ અને સુવિધા/ પર્યાવરણ વગેરે પર નિયંત્રણ દ્વારા ઉત્પાદનોના ઉત્પાદન અને ગુણવત્તા સુધારવા માટે દેશમાં સારી ઉત્પાદન પ્રેક્ટિસ લાગુ કરવામાં આવી રહી છે.

દેશમાં લગભગ ૧૦,૫૦૦ ઉત્પાદન એકમો છે, જેમાંથી લગભગ ૮,૫૦૦ MSME શ્રેણીમાં આવે છે. ભારત ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો (LMICs) માં દવાઓનો મુખ્ય નિકાસકાર છે, જેને WHO GMP પ્રમાણપત્રની જરૂર છે. હાલમાં, દેશમાં MSME શ્રેણીમાં લગભગ ૨,૦૦૦ એકમો છે જે WHO GMP પ્રમાણપત્ર ધરાવે છે.


























## તંત્રીલેખ

# ઈન્ડસ્ટ્રીઅલ અકસ્માત જેટલી જ ગંભીરતા રોડ અકસ્માતમાં પણ દર્શાવવી જોઈએ

રોડ અકસ્માત એ ખૂબ ગંભીર બાબત બની ગઈ છે, તેના મૃત્યુના આંકડાઓ જોવામાં આવે અને તેની ઉપર ગંભીરતાથી વિચારવામાં આવે તો આપણું મન દુઃખી થયા વગર ના રહે. ગ્લાનિ આટલી ગંભીર હોઈ કે આપણને આખો દિવસ ખાવાનું ના ભાવે. પરંતુ એવું થતું નથી કારણકે આપણે હંમેશા એવું વિચારીએ છીએ કે આ આંકડાઓ ભલે ગંભીર છે પરંતુ મને કે મારા કુટુંબનો તેમાં સમાવેશ નથી કે કદી થવાની શક્યતા નથી. આ આપણી માનસિકતા છે.

કેન્દ્રના રોડ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સંસદમાં માહિતી અપાતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪ માં દેશમાં ૧,૮૦,૦૦૦ લોકોના મૃત્યુ થયા છે. તેમાં ૩૦,૦૦૦ લોકોના મૃત્યુ હેલ્મેટ ના પહેરવાના લીધે થયા છે. કુલ મૃત્યુ માં ૬૬ લોકો ૧૮ થી ૩૪ વર્ષની વયના હતા. સ્કૂલોના વિદ્યાર્થીઓના ૧૦,૦૦૦ જેટલા મૃત્યુ થયા. જેમાં સ્કૂલની દરવાજાની બહાર આવવા જવાનો રસ્તો બરાબર ના હોવાને લઈને અને સ્કૂલ બસ રીક્ષાનો સમાવેશ થાય છે.

નીતિન ગડકરીએ દુર્ઘટના માટે કેશલેસ યોજનાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે દુર્ઘટના પછી તરતજ ૨૪ કલાકમાં પોલીસ પાસે સૂચના આવશે તો સરકાર દર્દીને સાત દિવસનો હોસ્પિટલ ખર્ચ અપાશે. જે મહત્તમ ૧,૫૦,૦૦૦ સુધીનો હશે. યોજના તો સારી છે પરંતુ સૌ આવી ઈચ્છા રાખશે કે તેમને આ યોજનાનો લાભ લેવાની નોબત ના આવે.

જયારે એક ઈન્ડસ્ટ્રીઝમાં અકસ્માત થાય છે અને વ્યક્તિ મૃત્યુ પામે છે ત્યારે ભારે હોબાળો મચાવી દેવામાં આવે છે આ જાગૃતિ બતાવે છે, આ જાગૃતિ સારી વાત છે. તેને લઈને ઈન્ડસ્ટ્રીઝ હંમેશા પોતાને ત્યાં અકસ્માત ના થાય તે માટે જાગૃત રહે છે. વિવિધ એન,જી,ઓ, પણ વિવિધ કક્ષાએ રજુઆત કરે છે. ઘટનાની ઊંડાણપૂર્વક તપસ કરવા માટે સરકારી એજન્સીઓ પર દબાણ કરાય છે. ઘટનાનું વિશ્લેષણ થાય છે. માલિક કે લાગતાવળગતા જવાબદારો પર પગલાં ભરવા દબાણ થાય છે. રાજકીય પાર્ટીઓ પણ પ્રદર્શન કરે છે, આવેદનપત્રો આપે છે. આ બધું જરૂરી છે.

પરંતુ આવું રોડ અકસ્માત માટે કેમ નથી થતું? જેવી રીતે ઈન્ડસ્ટ્રીઅલ સેફટી માટે ઈન્ડસ્ટ્રીઅલ સેફટી એન્ડ હેલ્થ ડિપાર્ટમેન્ટ છે તેમ દરેક જિલ્લામાં એક રોડ સેફટીનો ડિપાર્ટમેન્ટ હોવો જોઈએ. તે અકસ્માતોનું વિશ્લેષણ કરે અને તેને નિવારવા પ્રયાસ કરે. જિલ્લા કક્ષાએ એક કમિટી બનાવવી જોઈએ. જે જિલ્લામાં અકસ્માત ઘટાડવા શું કરવું જોઈએ તેના સૂચનો કરે અને તેનું અમલીકરણ થાય તેનું ધ્યાન રાખે. એવું સાંભળેલ છે કે જીલ્લાવાઈઝ આવી કમિટી છે પરંતુ લગભગ નિષ્ક્રિય જેવી જ હોઈ છે.

રોડ અને રસ્તાના કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ રોડ અકસ્માત બાબતમાં પોતાના હાથ અધ્ધર કરી દીધા અને દુઃખ વ્યક્ત કર્યું હતું કે મને દુઃખ છે કે રોડ અકસ્માત ઘટાડવામાં હું કોઈ મજબૂત કાર્ય કરી નથી શક્યો. તેમને એવું કેમ બોલવું પડ્યું તેની પાછળ પણ એક કારણ છે. તેમણે ટ્રાફિકના નિયમોનું કડક પાલન થાય તે માટે કડક નિયમો બનાવી સંસદમાં પાસ કરાવીને કાયદો બનાવ્યો હતો પરંતુ જ્યાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ન હતી તેમને કાયદાના અમલ કરવાની ચોખ્ખી ના પડી દીધી હતી જયારે જ્યાં ભારતીય જનતા પાર્ટી ની સરકાર હતી તેમને કાયદાને લૂલો બનાવી દીધો હતો પાછળથી તેનો અમલ પણ નહોતો કર્યો. આ કાયદામાં જેની પાસે લાયસન્સ નથી અને ગાડી ચલાવતો પકડાય તેના માટે ૫૦૦૦ રૂપિયા દંડ હતો. હેલ્મેટ ના પહેર્યું હોય તેના માટે ૧૦૦૦ રૂપિયા દંડ હતો. આ રીતે ખુબ ભારે દંડની જોગવાઈ હતી. આ દંડની રકમ નગણ્ય કરવા માટે જાતજાતના હાસ્યાસ્પદ કારણો આગળ ધરવામાં આવ્યા હતા. આખરે આ કાયદો કચરાની ટોપલીમાં જતો રહ્યો કહો તો ચાલે.

એટલે એટલું તો નક્કી થઇ ગયું કે અકસ્માતોતો થવાના જ છે. તે આપણને માન્ય છે. એટલે સરકારે અકસ્માત પછીની રાહત તાજેતરમાં જાહેર કરી કે અકસ્માત થયેલ વ્યક્તિને દોઢ લાખ રૂપિયા સુધી મફત અને તાત્કાલિક સારવાર આપવામાં આવશે.

ખરેખર તો ટ્રાફિકના નિયમોનું બાળકોને નાનપણથી અભ્યાસમાં જ સમાવેશ કરીને જ્ઞાન આપવું જોઈએ. તેમજ ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરાવવું જોઈએ. એક વખત અમદાવાદ જવાનું થયું જોયું તો બધાજ હેલ્મેટ પહેરીને ટૂ વિહલર ચલાવતા હતા. એટલેકે કાયદાના કડક પાલનનો અભિગમ અપનાવવામાં આવે તો આપણી પ્રજા નિયમ પાળે છે ખરી. સરકારની ઈચ્છાશક્તિ હોવી જોઈએ.

આપણે ત્યાં મોઢામાં માવો ખાઈને જ્યાં ત્યાં થુંકતા લોકો વિદેશના એરપોર્ટ પર જ્યાં ત્યાં થુંકવાની ભૂલ નથી કરતા. તેઓ પાછા ભારત આવે એટલે હતા તેવાને તેવા બની જાય છે. એનો મતલબ તે થયો કે કાયદાનો ડર હોય તો તેઓ સીધા ચાલે તો છે જ. આથી નિયમોનું કડક પાલન કરાવવાનો અભિગમ અપનાવવો જોઈએ જેને લઈને અકસ્માતોમાં ૧૦-૨૦ ટકાનો પણ ઘટાડો થશે તો ખૂબ મોટી સફળતા મળી શકે છે.

# લઘુ ઉદ્યોગ ભારતી -ભરૂચનો સ્નેહ મિલન સમારોહ યોજાઈ ગયો








તારીખ ૬ જાન્યુઆરીએ અંકલેશ્વર જીઆઇડીસી સ્થિત ચિલ્ડ્રન થીએટર ખાતે લઘુ ઉદ્યોગ ભારતી ભરૂચ જિલ્લાનો સ્નેહ મિલન સમારોહ યોજાઈ ગયો. જેમાં મોટી સંખ્યામાં સભ્યોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મોટિવેશન વક્તા દેવરાજભાઇ ચૌધરીએ પોતાના વ્યક્તવ્યથી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

લઘુ ઉદ્યોગ ભારતી ભારત તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાત-મહારાષ્ટ્રના પ્રભારી બળદેવભાઈ પ્રજાપતિએ પોતાના વ્યક્તવ્યમાં માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષ ૧૯૯૪માં કાર્યરત થયેલી સંસ્થા આજે મોટું વટવૃક્ષ બની ગઈ છે. લઘુ ઉદ્યોગ ભારતી દેશના ૫૮૦ જિલ્લાઓમાં કાર્યરત છે. તેની ૧૦૦૦ જેટલી ઈકાઈ કાર્યરત છે. મોટી ઇન્ડસ્ટ્રીઝ માટે તો FICCI જેવા એસોસિએશનો છે, પરંતુ નાની ઇન્ડસ્ટ્રીઝ માટે રાજ્ય કક્ષાએ એસોસિએશનો કાર્યરત છે પરંતુ રાષ્ટ્રિય કક્ષાએ કોઈ હતું નહીં. જયાંથી વિવિધ કાયદાઓ બને, નોટીફિકેશનો બહાર પડે, ત્યાં નાના ઉદ્યોગોના પ્રશ્નોની રજુઆત માટે લઘુ ઉદ્યોગ ભારતી અસરકારક માધ્યમ બન્યું છે. ઉદ્યોગમાં પ્રશ્નો હંમેશા ઉભા જ હોય છે. તમે ૧૦ માંથી ૬ પ્રશ્નોનો નિકાલ કરો ત્યાં બીજા પ્રશ્નો ઉભા થઇ જાય.

GIDC પ્લોટ ટ્રાન્સફરમાં GST સામે લઘુ ઉદ્યોગ ભારતીએ કેન્દ્રમાં નાણામંત્રીને રજુઆત કરી હતી. પ્રશ્નનો હકારાત્મક ઉકેલ લાવવા માટે ખુબ જ પ્રયાસો કર્યા હતા. હકારાત્મક ઉકેલ આવવાની અણી ઉપર હતો. જો કે હાઇકોર્ટે તે પહેલા જ પોતાનો ચુકાદો આપીને બધું સ્પષ્ટ કરી દીધું.

લઘુ ઉદ્યોગ ભારતીના પ્રયાસોથી LT કનેક્શન 100 KV થી વધારીને 150 KV કરવામાં આવ્યું. તેમને GPCB દ્વારા આડેધડ લેવાતા EDC (ENVIRONMENT DEMEJ COMPENSASAN) વિષે વિરોધ કરી જણાવ્યું હતું કે ઝઘડીયાની એક કંપનીમાં વેલ્ડિંગ કરતા કામદારનો પગ લપસતાં પડી જતા મૃત્યુ થતા એક કરોડ રૂપિયાનો EDC દંડ લગાડવામાં આવ્યો. આમાં પર્યાવરણને ક્યાં નુકસાન થયું તે સમજમાં આવે તેવી વાત નથી. તેની સામે લડત આપવામાં આવી.

નાના ઉદ્યોગોને સૌથી મોટો પ્રશ્ન સ્કીલ મેનપાવરનો છે. રાજસ્થાનમાં ઉદેપુર ખાતે ૫૦ કરોડના ખર્ચે ૫૦૦ વિદ્યાર્થીઓ રહી શકે તેવું સ્કીલ સેન્ટર લઘુ ઉદ્યોગ ભારતી તરફથી બનાવવામાં આવ્યું છે. જયારે જોધપુરમાં ૧૦ કરોડના ખર્ચે સ્કીલ સેન્ટર બનાવવાનું કામ ચાલુ છે.

ગુજરાતમાં પણ ગાંધીનગર ખાતે ૨૧૦૦ ચોરસમીટર જગ્યા સરકાર દ્વારા મંજુર થઈ છે. ૧૩૦૦૦ રૂપિયે ચોરસમીટરની જગ્યા સરકાર ૬૫૦૦ રૂપિયે આપણને આપી છે. થોડા દિવસમાં તેનું ભૂમિપુજણ થઇ આગળની કાર્યવાહી ચાલુ થશે. જેમાં સ્કિલ સેન્ટરની સાથે સંસ્થાનું કાર્યાલય પણ બનશે.

રિદ્ધિ ફાર્માના કિરણભાઈ મોદીએ જણાવ્યું હતું કે રિલાયન્સ અને અદાણી જેવા ઉદ્યોગ ગૃહો સરકાર સાથે સીધી વાત કરીને પોતાના પ્રશ્નો ઉકેલી શકે છે જયારે ૭૦૦,૧૦૦૦ કે ૨૦૦૦,૫૦૦૦ ચોરસ મીટરમાં પ્લોટ ધરાવતા નાના ઉદ્યોગકારો તેમના પ્રશ્નોની સીધી રજુઆત કરી શકતા નથી. તેમના માટે લઘુ ઉદ્યોગ ભારતી પ્રશ્નોના ઉકેલ માટેનું સારું પ્લેટફોર્મ છે.

નાના ઉદ્યોગો જે રોજગારી પુરી પડે છે તે મોટા ઉદ્યોગો પુરી નથી પાડી શકતા. તેમને જણાવ્યું હતું કે રિલાયન્સ કોમ્પ્લેક્સ ૭ લાખ કરોડનું ટર્નઓવર કરે છે અને એક લાખ લોકોને સીધી રોજગારી આપે છે. જયારે અંકલેશ્વરના ૧૫૦૦ જેટલા નાના ઉદ્યોગો વર્ષે ૨૫૦૦૦ કરોડનું ટર્નઓવર કરતા હશે તેઓ એક લાખ લોકોને રોજગારી આપે છે. આથી રોજગારી ઉભી કરવાની મોટી ક્ષમતા નાના ઉદ્યોગોમાં છે.

પાનોલી એકાઈના પ્રેસિડેન્ટ આશિષ ગજેરાએ જણાવ્યું હતું કે કેટલાક ઉદ્યોગકારો પોતાના પ્રશ્નો કહેવાની જગ્યાએ કંપનીની અંદર જ બંધબારણે તેની પતાવટ કરવા પ્રયાસ કરે છે. તેમ ના કરતા પ્રશ્નની રજુઆત કરો. લઘુ ઉદ્યોગ ભારતી પ્રશ્નનો ઉકેલ લાવવા પ્રયાસ કરશે.

અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીઝ અસોસિએશનના પ્રમુખ હિંમતભાઇ શેલડીયાએ અંકલેશ્વર ઈન્ડસ્ટીઝ એસ્ટેટના ભાવિ પ્રોજેક્ટની રૂપરેખા આપી હતી તેમજ ક્યાં ક્યાં પ્રશ્નોની વિવિધ કક્ષાએ રજુઆતો કરવામાં આવી છે તેના વિષે માહિતી આપી હતી. લઘુ ઉદ્યોગ ભારતી ભરૂચ જિલ્લાની ડિરેક્ટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું.

લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત પ્રમુખ ઈશ્વરભાઈ પટેલે સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ વિષે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે લઘુ ઉદ્યોગ ભારતી-અખિલ ભારતી ય તત્કાલીન અધ્યક્ષ -ભારત પ્રભારી ગુજરાત, મહારાષ્ટ્ર,- બલદેવભાઈ પ્રજાપતિ, અતિથિ વિશેષ તરીકે એસી એફ.ડી.સી.એ .ડો. એમ.પી. નાકરાણી, લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાતના પ્રમુખ-ઈશ્વર પટેલ, સેક્રેટરી -ઈશ્વર સજ્જન, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનના પ્રમુખ હિંમતભાઇ શેલડિયા, અંકલેશ્વર નોટીફાઈડ ચેરમેન-અમુલખભાઈ પટેલ, સાયખા ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનના સિનિયર વાઇસ પ્રેસિડન્ટ સી.કે. જીયાની, પ્રજ્ઞા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના ડો. મહેશ પટેલ, રિદ્ધિ ગ્રૂપના કિરણ મોદી , મંગલમ ગ્રુપના ભરતભાઈ પટેલ, લઘુ ઉદ્યોગ ભારતી-ભરૂચના પ્રમુખ કમલેશ ગામી, ડિસ્ટ્રીક્ટ ઈન્ડસ્ટ્રીઅલ સેફટી એન્ડ હેલ્થના જાગૃતિબેન ચૌહાણ, તેમજ નોટીફાઈડ એરિયા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ જય તેરૈયા ઉપસ્થિત રહ્યા હતા.

આભારવિધિ લઘુ ઉદ્યોગ ભારતી ભરૂચ જિલ્લાના સેક્રેટરી રમેશભાઈ ચોડવડીયાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન દિલીપભાઈએ કાર્ય હતું જેમને લઘુ ઉદ્યોગ ભારતીના અંકલેશ્વર પ્રેસિડેન્ટ કિશોરભાઈ કાછડીયા અને સેક્રેટરી પિયુષ બુદ્ધદેવે સહયોગ આપ્યો હતો.

# અંકલેશ્વર એસ્ટેટમાં પાર્કિંગ ઝોનનું કામ એપ્રિલ સુધીમાં પૂર્ણ થઈ જવાની આશા છે: AIA પ્રમુખ હિંમત શેલડીયા




અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ હિંમતભાઇ શેલડીયાએ જણાવ્યું હતું કે અંકલેશ્વર ઈન્ડસ્ટીઝ એસ્ટેટમાં ૪૫૫ હેક્ટર વિસ્તારમાં રહેણાંક વિસ્તાર પથરાયેલ છે. જેમાં સતત સુધારા કરીને નવી નવી સુવિધાઓનો ઉમેરો કરવા પ્રયાસ કરવામાં આવે છે. આ કેમિકલ એસ્ટેટ હોવા છતાં ત્રણ પેઢીથી અહીં રહીએ છીએ. તેમણે ઉદ્યોગકારોના પ્રશ્નો વિષે વાત કરતા જણાવ્યું હતું કે ઉદ્યોગકારોને મુખ્યત્વે ત્રણ "G" થી સતત પ્રશ્નો રહેતા હોય છે જેમાં જીપીસીબી, જીઆઇડીસી અને જીએસટી છે. જીપીસીબીમાં ડ્યૂઓલ ડિસ્ચાર્જ પડકારરૂપ પ્રશ્ન છે. નર્મદા ક્લીનટેકમાં હાઇડ્રોલિક લોડ વધારવાની મંજૂરી નથી મળતી તે મળે તો નાના ઉદ્યોગોને રાહત થાય અને જે ઉદ્યોગોને વિસ્તરણ કરવું છે તે વિસ્તરણ કરી શકે. સીપીસીપી બ્લ્યુના ઉદ્યોગો પર જે પ્રતિબંધ છે તે હટાવવો જોઈએ. જીઆઈડીસીના ડ્રેનેજને લગતા પ્રશ્નમાં સુએજ ડ્રેનેજ છે અને વરસાદી ગટર એકદમ ડ્રાય કરવાનું કહે છે જે શક્ય નથી. જીપીસીબીમાં રૂલ્સ-૯ માં સુધારો કરાવવો જરૂરી છે તે પ્રશ્ન છે.

હાઉસીંગ વિભાગમાં વર્ષ ૨૦૧૮ થી રહેણાંક પ્લોટ એલોટમેન્ટ માટેની અરજીઓ પેન્ડિંગ પડી છે. એનો સુખદ ઉકેલ આવશે અને માર્ચમાં તેનું એલોટમેન્ટ થશે તેવી આશા છે. અત્યારે હાઉસિંગ વિસ્તારમાં એક વેજીટેબલ માર્કેટ છે, હવે હાઉસિંગ વિસ્તાર ખુબ વધી ગયો છે. બીજો પ્લોટ છે તેમાં વેજીટેબલ માર્કેટ કાર્યરત તેવા પ્રયાસો કરાશે.

અત્યારે પાણીના સ્ત્રોત માટે જમણા કાંઠાની નહેર છે. રહેણાંક વિસ્તારનું વિસ્તરણ થતા પાણીની બીજી વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા પ્રયાસો કરવામાં આવશે.

રહેણાંક વિસ્તારમાં નાના નાના ૩૯ જેટલા બગીચાઓ બનાવવામાં આવ્યા છે પરંતુ એક મોટો કોમન પ્લોટ અને સાથે એક કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન છે. તેમને જીઆઇડીસી દ્વારા રહેણાંક વિસ્તાર માટે પાણીનું તળાવ બનાવવાની પણ વાત કરી હતી. જેમાં આ તળાવ જીઆઈડીસીએ આપણને બનાવી આપવાનું છે, તે તાત્કાલિક બનાવી આપે તે માટે પ્રયાસો કરશે.

પ્લોટ ટ્રાન્સફર ફી ૫ થી ૩૦ ટકા સુધી લેવામાં આવે છે તે વધારેમાં વધારે ૧૦ ટકા લેવામાં આવે તેવી રજુઆત સૌએ સાથે રહી કરવી જોઈએ. ૧૯૭૮માં જીઆઈડીસીનો ડીડી પ્લાન બન્યો તેમાં ટ્રાન્સપોર્ટનગરનું નું આયોજન કરાયું ત્યારે ટ્રાન્સપોર્ટનગર માટે જગ્યા રિઝર્વ રાખી હતી. તે જીઆઇડીસી બનાવીને આપશે. તે કામ એપ્રિલ સુધી પૂરું થઇ જવાની સંભાવના છે. તેમાં મોટા વાહનો પે એન્ડ યુઝ ના નિયમ મુજબ તેનો ઉપયોગ કરી શકશે. જેથી એસ્ટેટમાં વાહનોના પાર્કિંગનો જે પ્રશ્ન છે તે હાલ કરવામાં મદદ મળશે.

અત્યારે તળાવમાં જમણા કાંઠાની નહેરમાંથી ખુલ્લી નહેરમાં પાણી આવે છે. તેને ૧૨૦૦ ડાયાની પાઈપ મારફતે લાવવામાં આવશે. ૧૫ દિવસને બદલે ૨૦ દિવસ પાણી આવે તેવી વ્યવસ્થા કરાશે. આ પ્રોજેક્ટ ૨૨ થી ૨૬ કરોડ રૂપિયાનો છે તેની મંજૂરી મળી ગઈ છે. તે પ્રોજેક્ટ જલદીથી જલદી કાર્યરત થાય તેવા પ્રયાસો કરવામાં આવશે.

અંકલેશ્વર એસ્ટેટને નોટિફાઈડને રાષ્ટ્રીય કક્ષાએ બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એવોર્ડ મળ્યો તે જણાવી ભવિષ્યમાં સૌએ સાથે મળીને એસ્ટેટની પ્રગતિ માટે કાર્ય કરવાની કામના કરી હતી.

India's one of the largest, innovative & industry useful startups
PharmaCupboard.com
invites you to buy
Excess / Surplus Inventory
at reasonable discounted price
625+ MT materials sold
- API
- Intermediates
- Chemicals
- Solvents
- Excipients
- Packing
- Flavours
- Catalysts
- By products
+91 - 63525 38032
care@pharmacupboard.com
Rajshree Business InnoMarketing Pvt Ltd
201, Maryland Complex, Old Padra Road, Vadodara - 390015
www.pharmacupboard.com

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# કાલનું ''અક્રૂરેશ્વરતીર્થ'' - આજનું અંકલેશ્વર : લેખક કેયૂર પાઠક



અંતરનાથ મહાદેવ



જલકુંડ



શ્રી માંડવ્યેસરાય શૂળીનો અવશેષ



સ્વ.કેયુર(ચિરાગ) પ્રદ્યુમનભાઇ પાઠક
જન્મ.તાઃ-૨૨-૦૮-૧૯૭૬ સ્વ.તાઃ-૨૭-૧૨-૨૦૨૪

મારા મિત્ર કેયૂર પાઠક ૨૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ દેવલોક પામ્યા. તેમની પત્રકાર તરીકેની કારકિર્દીમાં ''સંદેશ'' દૈનિક અંકલેશ્વરમાં અમે વર્ષ ૨૦૦૨ ની આસપાસ સાથે હતા. તે સમય દરમ્યાન તેઓએ સંદેશની પૂર્તિ માટે લેખ લખ્યો હતો. જેમાં તેમને ખૂબ મહેનત કરીને અંકલેશ્વરની પૌરાણિક ધાર્મિક અને ઐતિહાસિક માહિતી એકત્ર કરીને લેખ લખ્યો હતો. તે લેખ આજે ''બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ'-માં પ્રકાશિત કરીને તેમને શ્રધ્ધાંજલિ આપીએ છીએ.

વર્ષ ૨૦૦૨ ની આસપાસ તેમને ''પ્રયાસ'' કરીને સાપ્તાહિક શરુ કર્યું હતું. ત્યારે સાપ્તાહિક પ્રકાશિત કરવું બહુ મોટી વાત હતી. તે સમયે ટાઈપિંગ , પ્રિન્ટીંગની આજના જેટલી વ્યવસ્થા ન હતી. સમાચાર મેળવવા પણ કઠીન બાબત હતી. સોસીયલ મીડિયાનો જમાનો ન હતો. તેનામાં લેખક અને કવિનો જીવ હતો.

આજે એશિયાની મોટામાં મોટી ઔદ્યોગિક વસાહત તરીકે વિશ્વના નકશા પર '' માર્કિંગ પ્લેસ '' બનેલ અંકલેશ્વર તેનાં ઐતિહાસિક મહત્વથી મોટા ભાગે અપરિચિત છે. અંકલેશ્વરના ઐતિહાસિક મહત્વ અંગે અહીંના ગણ્યા ગાંઠયા લોકો જ પરિચિત હશે. અરે ! મોટા ભાગના લોકોને તો અંકલેશ્વરનું મૂળ નામ ''અક્રૂરેશ્વરતીર્થ'' હતું એ ય જાણ નહિ હોય ! જો કે એ ઐતિહાસિક મહત્વ અને એ મહત્વને પ્રત્યક્ષ કરતા પૂરાવા આજે પણ અહીં મોજૂદ છે.

જે પ્રાચીનતીર્થ ''અક્રૂરેશ્વરતીર્થ'' પરથી ગામનું નામ અંકલેશ્વર પડ્યું એ પ્રાચીન તીર્થ આજે ય અંકલેશ્વરમાં ગામની વચ્ચે આવેલ છે. શિવજીનું એ શિવાલય આજે ×અંતરનાથ× મહાદેવ તરીકે ઓળખાય છે. આ ''અક્રૂરેશ્વરતીર્થ'' ઉર્ફે અંતરનાથ મહાદેવ અંગે એક કથા છે. પ્રાચીન કાળમાં અક્રૂર નામે રાક્ષસ અહીં સિધ્ધ થયો હતો. રાવણના ભાઈ કુંભકર્ણનો પૌત્ર અક્રૂર રાક્ષસ પ્રથમ ત્રેતાયુગમાં શિવની આરાધના માટે તત્પર રહેતો હતો. રેવાની દક્ષિણ કિનારે, અહીં આવી તેણે તપશ્ચર્યા આદરી હતી. જેથી શિવજી તેના પર પ્રસન્ન થયા હતા અને ''હું અહીં તારા નામે - અક્રૂરેશ્વર નામની નગરી કરીશ અને તું અમરત્વ પામીશ '' એવું વરદાન આપ્યું હતું.

ત્યારબાદ અક્રૂરે અહીં અક્રૂરેશ્વર શિવની સ્થાપના કરી હતી. અહીં ચોકમાં ઊંડો કૂવો હતો. આજે ત્યાં સાત્વિક, શીતળ, શાંત વાતાવરણ છે. દોઢકે હાથ ઊંચું અને જાડું શિવલિંગ જળધારી, છત્ર, નાગથી શોભે છે. અહીં દેવ જાગ્રત છે અને શ્રધ્ધાળુને પરચો મળે છે. આ તીર્થમાં સ્નાન, શ્રધ્ધાને પૂજન કરવાથી અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે છે. આવી માનતા વર્ષોથી છે. આ ''અક્રૂરેશ્વરતીર્થ'' પરથી અપભ્રંશ થઇ આજનું અંકલેશ્વર નામ અપાયું છે.

આવું જ એક બીજું પ્રાચીનતીર્થ ' માંડવ્યેશ્વરતીર્થ છે. અહીં માંડ્વ્યઋષિ અને એમનાં ભાઈ મુનીનારાયણ સિધ્ધ થયા હતા. આ તીર્થ વિષે કથા છે કે પ્રાચીન સમયમાં આ પ્રદેશમાં દેવરાજ નામે પ્રજા વત્સલ, ધાર્મિક, ગુણવાન અને ધનવાન રાજાનું રાજ હતું ધર્મિષ્ઠ રાજાને દેવીની કૃપાથી કૌમુદી નામે સુંદર કન્યા હતી. અંબાદેવીની પૂજાર્થે ગયેલ આ કન્યાને તળાવ કાંઠેથી શંબર નામનો દૈત્ય બાજ રૂપે આવીને હરી ગયો હતો. આકાશમાર્ગે તે કૌમુદીને લઈ જતો હતો ત્યારે નર્મદા કિનારે યોગધ્યાનમાં મગ્ન બેઠેલા માંડવ્ય ઋષિ પાસે કૌમુદીના કુંડળ તથા અન્ય આભૂષણો પડયાં, આ તરફ રાજાને ખબર પડતા તે જાતે સૈન્યની સાથે શોધમાં ઊપડયો ત્યાં જ એક વનવાસીએ રાજાને કૌમુદીના આભૂષણો આપી તે માંડવ્ય ઋષિ પાસેથી મળ્યા હોવાનું જણાવ્યું. સત્યની તાપસ કાર્ય સિવાય જ રાજાએ માન્ડવ્યઋષિને શૂળીએ ચઢાવી દેવાનો હુકમ કર્યો.આથી ક્રોધે ભરાયેલ મહર્ષિઓ રાજાને બાળીને ભસ્મ કરવા તૈયાર થયાં. ત્યારે માંડવ્ય મુનિએ તેમને રોકતાં જણાવ્યું કે ×પૂર્વ જન્મમાં મેં બાળપણમાં એક ભમરીને કાંટાની શૂળમાં પરોવ દીધી હતી તેનું ફળ હું અત્યારે ભોગવી રહ્યો છું અને પાપની હું સજા ભોગવી અંતે હું મોક્ષને પામીશ.''આથી મહષિઓ શાંત થયાં. તે બાદ તપસ્વિની, પતિવ્રતા શાંડિલી પોતાનાં રોનક નામના ગલિતકૃષ્ટ રોગવાળા પતિને કરંડિયામાં માથે મૂકીને જતી હતી. અંધકારમાં મુનિની જાંઘ સાથે તે અથડાવાથી મુનિને કષ્ટ થયું. તેથી ક્રોધે ભરાઈને મુનિનાં ભાઈ નારાયણે શાંડિલીને શ્રાપ આપ્યો કે સૂર્યોદય થતા જ તારો પતિ નાશ પામશે. આથી પતિવ્રતા શાંડિલીએ સૂર્યદેવને સવારે ઉદય ન પામવાની વિનંતી કરી. સતીને પ્રભાવે સૂર્યોદય સવારે ઉદય ન પામ્યા. આથી આખા જગતમાં હલચલ મચી ગઈ. બ્રહ્માની આજ્ઞાથી સર્વદેવો.તીર્થો, લોકપાલો, મુનિઓ વગેરેએ માંડવ્યઋષિનાં આશ્રમે પધારી શાંડિલી પર અનુગ્રહ કરવા સમજાવ્યા. દેવોનાં આશિષ અને નારાયણ મુનિના અનુગ્રહથી શાંડિલીનો પતિ શોનક નિરોગી થયો અને જીવ્યો તથા સૂર્યોદય પણ થયો.શંબર દૈત્ય શ્રાપથી મુક્ત થયો એટલે તે કૌમુદીને મૂકી ગયો. રાજાએ મુનિની ક્ષમા યાચી. કૌમુદીનો મુનિ સાથે વિવાહ કર્યો. મુનિએ રેવાને દક્ષિણ કિનારે માંડવ્યેશ્વર શિવ સ્થાપના કરી ને દિવ્ય સો વર્ષ તપશ્ચર્યા કરી. અને ત્યારબાદ માંડવ્યમુનિ તથા નારાયણમુનિ મેરુ પર્વત પર ગયા અને ત્યારથી આ તીર્થ માંડવ્યેશ્વર અને નારાયણેશ્વર નામે પ્રસિધ્ધ થયું.

અંકલેશ્વર નું ત્રીજું તીર્થ તે જળકુંડ પ્રાચીન સમયમાં માર્કન્ડેશ્વર તીર્થ ત્યાર બાદ × સરોરૂહકુંડ '' ઝરકુંડ '' અને આજે જળકુંડ નામે પ્રસિધ્ધ છે. વિશાળકાય વડલાઓ અને અન્ય વૃક્ષોથી સુશોભિત સ્થાન અંત્યંત્ય રળીયામણું છે. કહેવાય છે કે આ સ્થાને દેવો તથા મુનિઓ સાથે માર્કન્ડ મુનિનો પણ વાસ હતો. દેવોએ અહીં કુંડ કર્યો હતો જે ''સરોરૂહકુંડ'' તરીકે જાણીતો હતો. દેવોએ ''સરોરૂહકુંડ '' અર્થાત આજના '' જળકુંડ '' ને પોતાના કમંડળો વડે ભર્યો હતો. માર્કન્ડ મુનિએ અહી કૃષ્ણ અને શિવની આરાધના કરી હતી. આથી કૃષ્ણ તથા શિવ લક્ષ્મી તથા પાર્વતી સહીત પ્રસન્ન થયા હતા. મુનિની પ્રાર્થનાથી લોકકલ્યાણાર્થે અહીં રહેવા કૃષ્ણ અને શિવ સંમત થયા હતા. જેથી માર્કન્ડ મુનિએ આ સ્થળે બંને દેવોની સ્થાપના કરી હતી. એમ મનાય છે કે આ તીર્થમાં જેઠ શુક્લ ચતુદેશી કે અગિયારસે સ્નાન કરી જે દેવોને યથાવિધિ સ્નાન કરાવે, પોતે ઉપવાસ રાખે, જાગરણ કરે તેને વિષ્ણુલોક પ્રાપ્ત થાય છે અને શિવલોકમાં પણ ગણોની પેઠે આનંદ મળે છે. જળકુંડમાં ઊતરવા પગથિયાં છે. ૧૪૦૦ વર્ષ જૂની રણછોડેજીની શ્યામવણી સુંદર મૂર્તિવાળું રણછોડેજીનું મંદિર કાંઠે જ છે. એ ખાસું મોટું છે. કુંડના પશ્ચિમ કાંઠે માર્કન્ડેશ્વર મહાદેવનું પુરાણું દેરું છે. જે કાંઠા પાસે પરંતુ કુંડમાં બાંધેલું છે. કુંડમાં જયારે છલોછલ જળ ભરાઈ જાય ત્યારે ડેરામાં પણ અર્ધે સુધી જળ ભરાઈ જાય એ રીતે બાંધેલું છે.

આ તીર્થમાં સ્નાન તથા શંકરજીનું પૂજન શાશ્વત સુખ આપે છે. ચૈત્ર, વૈશાખ, શ્રવણ ને ભાદરવા માસની ચતુદેશી કે પૂર્ણિમાએ આ તીર્થમાં સ્નાન કરી માંડવ્યેશ્વર ને નારાયણેશ્વરનું પૂજન કરવાથી અશ્વમેઘ અને વાજપેય યજ્ઞનું ફળ મળે છે. કૃમિ, કીટ, પતંગિયા વગેરે પણ જો આ તીર્થમાં મૃત્યુ પામે તો તેમને સ્વર્ગ પ્રાપ્ત થાય છે, એમ મનાય છે. આ શિવશ્રેત્રની પાસે દેવોએ રામકુંડ નામે પ્રચલિત જાણીતો થયેલ દેવખાત બનાવ્યો છે. આ સરોવરમાં પૂણિમાં, અમાસ, વ્યતિપાત, સંક્રાતિ તથા સૂર્ય અને ચંદ્રગ્રહણ સમયે જે શ્રાદ્ધ કરે તેની સર્વ પાપથી મુક્તિ થાય છે અને શ્રેષ્ઠ ગતિને પામે છે. આ રામકુંડમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, પિતૃગણ, દેવગણ તેમ જ ઋષિઓનો વાસ છે. પૃથ્વીમાં જેટલા તીર્થો, નદીઓ ને સાગરો છે તે આ દેવખાતમાં રહે છે. અહીં દાન અક્ષય થાય છે.

આ રામકુંડ પાસેના ટેકરા પર સિદ્ધેશ્વર મહાદેવનું પુરાણુ દેરું છે. તપસી મહારાજ નામે મહાત્માના આગમન બાદ તેમની તપશ્ચર્યાના બળે આ સ્થાનનો વિકાસ થતો ગયો. તેમના અવસાન બાદ ત્યાગી મહારાજના પ્રતાપે મોટું, મજબૂત ને સુંદર રામમંદિર અહીં બંધાયું હતું. આ પ્રાચીન તીર્થ ભૂમિ પરનો રામકુંડ તે જ દેવો નિર્મિત સરોવર છે એવો મત હતો. અહીંથી કંટીયાજાળ જવાના માર્ગ આવેલા નાંગલ ગામે રામચંદ્રજીએ યજ્ઞ કર્યો હતો અને આજે પણ એ યજ્ઞની ભસ્મની ભેખડો મળે છે. તો બીજી એક માન્યતા મુજબ રામજીએ અહીં બાણ મારીને પાણી કાઢ્યું હોવાથી તે રામકુંડ તરીકે ઓળખાયો.

રણછોડજીના મંદિરથી પશ્ચિમે ટેકરા પર ભવની શંકર મહાદેવનું સ્થાન હતું. ટેકરા પરનું આ શિવસ્થાનક કૈલાસટેકરીથી જાણીતું છે. આ દેરાની ચોપાસ એક સમયે સરસ મજાનો બગીચો હતો અને ઊંડો કૂવો પણ હતો. કુંડ પાસેના નીચેના સ્થાન કરતા આ કૈલાસ ટેકરીનું સ્થાન અત્યંત રમણીય છે. અહીંથી ચોમેરનો પ્રદેશ નિહાળવા મળે છે.

ONGCના આગમન બાદ અને વિવિધ ઔદ્યોગિક વસાહતોના સ્થાપવાથી અંકલેશ્વર વિશ્વ કક્ષાએ પ્રસિદ્ધિ પામ્યું છે. છતાંય અંકલેશ્વર પ્રાચીન માહાત્યય અંકલેશ્વરને એક આગવી ઓળખ અને સુંદરતા બક્ષે છે.

# જીઆઈડીસીમાં પ્લોટ ટ્રાન્સફર કરવા પર જીએસટી નહી લાગે :હાઈકોર્ટ નો ચુકાદો

જે પ્રશ્નની અનેક જગ્યાએ રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ હતાશા હાથ લગતી હતી તે પ્રશ્નનો સુખદ નિવેડો ઉદ્યગકારોની તરફેણમાં આવ્યો છે.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા ઔદ્યોગિક વસાહતો ડેવલપ કરવા માટે ઉદ્યોગોને લીઝ પર અપાયેલા પ્લોટ અન્યને ટ્રાન્સફર કરવામાં આવે ત્યારે તેના પર ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (GST) લાગુ પડે નહીં, એવો ગુજરાત હાઈકોર્ટે સીમાચિન્હ રૂપ ચૂકાદો આપ્યો છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા અપાયેલા ચુકાદા પર સ્ટે આપવા માટે રાજ્ય સરકારની અરજી પણ સ્વીકારી નથી.


આમ, GIDC ફાળવેલા પ્લોટ પર GST લાગુ નહીં કરવા આપવામાં આવેલા ચુકાદાને પરિણામે ગુજરાતમાં વિવિધ વિસ્તારોમાં આવેલી લગભગ ૧૮૦થી વધુ ઍૈઢ્ઢઝમાં પ્લોટ ધારકોએ અંદાજે રૂ. ૮,૦૦૦ કરોડ જેટલો સંભવિત GST ચૂકવવામાંથી છુટકારો મળશે. આમ, હાઈકોર્ટના આ ચુકાદાને પગલે ગુજરાતની તેમજ દેશના અન્ય રાજ્યોના ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટના પ્લોટ ધારકોને રાહત મળશે. આ મામલે GST વિભાગે આપેલી સંખ્યા બંધ નોટીસ ને પગલે ભારે ચિંતા અને ઉચાટ અનુભવતા ઉદ્યોગપતિઓ માટે રાહતના સમાચાર ગણી શકાય. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજયના GST વિભાગની ડિમાન્ડ નોટિસ ગુજરાત હાઈકોર્ટમાં ચેલેન્જ કરવામાં આવી હતી અને આ રીટ મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ નોંધપાત્ર અને મહત્વપૂર્ણ ચૂકાદો આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, GST વિભાગે, આ પ્રકારે GIDCમાં લીઝ પર ટ્રાન્સફર કરાયેલા પ્લોટ ઉપર ૨૦૧૭ના વર્ષની પશ્ચાદવર્તી અસરથી ૧૮ ટકા GST લાગુ કરીને વ્યાજ અને દંડ સહિત ૨૦૨૨ના વર્ષમાં જંગી રકમની ડીમાન્ડ નોટિસ આપવામાં આવી હતી.

ગુજરાત સરકાર દ્વારા રાજયના જુદા જુદા વિસ્તારમાં વેપાર- ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા ઔદ્યોગિક વસાહતો ડેવલપ કરે છે. GIDC દ્વારા ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગોને જમીનના પ્લોટ ૯૯ વર્ષના લીઝ (ભાડા પટ્ટે) પર ફાળવવામાં આવ્યા છે. GIDCમાં આપવામાં આવેલા આ પ્લોટ કેટલા વર્ષ પછી લીઝ ધારક દ્વારા અન્ય વ્યક્તિને લીઝ પર ટ્રાન્સફર કરવામાં આવતા હોય છે.

આ પ્રકારે ટ્રાન્સફર કરાયેલા પ્લોટ પર ૧૮ ટકા GST વસૂલવા માટે રાજયના GST વિભાગ દ્વારા વિવિધ GIDCમાં ૧૫૦થી વધુ પાર્ટીઓને ડિમાન્ડ નોટિસ ફટકારી હતી. GST વિભાગે એવું જણાવ્યું હતું કે, GIDCમાં લીઝ પર અપાયેલા પ્લોટ અન્યોને ટ્રાન્સફર કરવામાં આવે તેના પર GST લાગુ પડે છે. આ મામલે GCCI દ્વારા જણાવાયું હતું કે, GIDCમાં લીઝ પર અપાયેલા પ્લોટ માટે એસાઈનમેન્ટ ઓફ લીઝ ટ્રાન્સફર કરવામાં આવે છે અને તે માટે રાજ્ય સરકાર સ્ટેમ્પ ડ્યુટી વસૂલે છે. GIDCમાં લીઝ પર પ્લોટ અન્યોને ટ્રાન્સફર કરવાની બાબત 'સેલ ડેડ' એટલે કે વેચાણ ગણી શકાય નહીં. વાસ્તવમાં આ પ્લોટની માલિકી રાજ્ય સરકારની હોય છે. GIDCમાં પ્લોટ ધારકોને પ્લોટ ડેવલપ કરવા, વાપરવાનો હક હોય છે. GCCI ના પૂર્વ પ્રેસિડેન્ટ દ્વારા હાઈકોર્ટમાં GCT વિભાગની ડિમાન્ડ નોટિસ ને પડકારતી રિટ અરજી કરાઈ હતી અને લગભગ દોઢ વર્ષ પછી હાઈકોર્ટે આ મામલે મહત્વપૂર્ણ ચુકાદો આપતાં વેપાર- ઉદ્યોગને રાહત મળશે.

આ બાબતની અનેક રજૂઆતો વિવિધ ઈન્ડસ્ટીઅલ અસોસિએસનો દ્વારા સરકારના વિવિધ વિભાગોને કરવામાં આવી હતી પરંતુ હાઈકોર્ટે આપેલ ફેંસલો પ્રશ્નો ઉકેલ બની ગયો છે. જે ઉદ્યોગકારોને નોટિસ આવી હતી તેમને મોટી રાહત આપનારો બની ગયો છે.

# અંકલેશ્વરમાં શિવાજી મહારાજની પ્રતિમાનું કેદ્રીય મંત્રી સી.આર. પાટીલના હસ્તે અનાવરણ





અંકલેશ્વર જીઆઈડીસી રહેણાંક વિસ્તારમાં જોગર્સ પાર્કના પ્રવેશદ્વારની બાજુમાં છત્રપતિ શિવાજી મહારાજ:ની ભવ્ય પ્રતિમાનું અનાવરણ કેન્દ્રના જળ સંપત્તિ મંત્રી સી,આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે શિવાજી મહારાજ કેમ ચેત્રપતી કહેવાય તેમનામાં ક્યાં વિશિષ્ટ ગુણ હતા. તેઓ લોકોના દિલમાં કેમ રાજ કરતા હતા. તેમના હુન્દુ સામ્રાજ્યનું કેવું સપનું હતું તે વિષે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું. આ પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ખાસ કરીને મહારાષ્ટ્રીયન સમાજમાં વિશિષ્ટ આનંદ હતો. તેમના દ્વારા એક બાઈક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સી.આર. પાટીલે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સુરતમાં જ્યારે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ હતું ત્યારે કેટલાક લોકોએ તેનો વિરોધ ઉઠાવ્યો હતો. તેમનું માનવું હતું કે શિવાજી મહારાજે સુરતને લૂંટ્યું હતું તેથી તેમની પ્રતિમા સુરતમાં કેવી રીતે લગાવી શકાય. ત્યારે કોંગ્રેસ અગ્રણીએ આવીને ચોખવટ કરી હતી કે શિવજી મહારાજ પોતે આવવાના છે તેની અગાઉથી જાણ કરી દીધી હતી. તે વખતે મુગલોની સલ્તનત હતી. તેથી શિવાજી મહારાજને સીધી મદદ કરી શકાય તેમ ન હતું. તેથી નગરશ્રેષ્ટીએ તેમને તે રીતે મદદ કરી હતી. તેમને જણાવ્યું હતું કે આ ધન હિન્દૂ રાષ્ટ્રની સ્થાપના માટે વપરાશે તેવી અમને પૂર્ણ ખાતરી છે.

દક્ષિણ ગુજરાતના બીજા શહેતોમાં પણ છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા મુકવામાં આવી હતી. આજે અંકલેશ્વરમાં મુકવામાં આવી છે.

શિવાજી મહારાજ પ્રત્યે સૌને બહુ માનસન્માન છે પરંતુ તેમનામાં કઈ મહાનતા હતી તેના વિષે બહુ ઓછા લોકો જાણે છે. શિવાજી મહારાજે ૪૦૦ વર્ષ પહેલા હિન્દૂ રાષ્ટ્રની કલ્પના કરી હતી.

તે જમાનામાં સ્ત્રીને એક ધન તરીકે જોવામાં આવતું હતું. સ્ત્રીઓને સન્માન આપવાનું કામ તેમને કર્યું. તેમના એક સરદારે એક કિલ્લો જીતવા મોકલ્યા. તેમને ખુબ મહેનતથી કિલ્લો જીત્યો. કિલ્લાના સરદારની પુત્રવધુ ખુબ સુન્દેર હતી. તેઓ તેને ઉપાડી લાવ્યા અને શિવાજી મહારાજની સામે લાવ્યા. સરદારને એમ હતું કે શિવાજી મહારાજ તેમને ઈનામ આપશે .પરંતુ શિવાજી તેમના રૂપને જોઈજ રહ્યા અને બોલ્યા કે મેં તારું કૂખે જન્મ લીધો હોટ તો હું પણ કેટલો સુન્દેર હોત . તેમને તે પુત્રવધુને તેમના ધારે પાછા પહોંચાડવાની વ્યવસ્થા કરી.

ગેરિલા યુદ્ધ પદ્ધતિ એ શિવજીની દેન છે. તેઓ મોગલોના લાખ્ખોના લશ્કરને પોતાના મુઠ્ઠીભર સૈનિકો વડે ડુંગરોની ઓથે હુમલાઓ કરીને ભારે નુકસાન પટોચડાતાં.તેઓ સ્પષ્ટ માનતા કે જીવતા રહીશું તો કરી હુમલા કરી તેમને વધારે નુકસાન પહોંચાડી શકીશું. મોગલો તેમને ડુંગરના ઉંદર કહેતા હતા. લાદેનનો ખાત્મો અમેરિકાએ આ ગેરિલા પદ્ધતિથી કરતો હતો. વિશ્વના અનેક દેશો યુદ્ધમાં ગેરિલા પદ્ધતિ અપનાવતા થયા છે.

તેમણે સૌ પ્રથમ વખત મંત્રીમંડળ દ્વારા વહીવટ કરવાની નીતિ અપનાવી હતી. તેમને ૯ મંત્રીઓનું મંત્રીમંડળ બનાવ્યું હતું. તેમાં સૌને અલગ અલગ વિભાગો સંપવામાં આવ્યા હતા. આજે પણ તે સિસ્ટમ કાર્યરત છે.

પહેલા સૈનિકો માટે વ્યવસ્થિત પગાર સિસ્ટમ ન હતી. તેથી જે કિલ્લા પર હુમલો કરે અને વિજય મેળવે તો ત્યાં લૂંટફાડ કરીને જે આવે તે લૂંટી લેતા. પ્રજાને રંજાડતા. આથી શિવાજી મહારાજે સૈનિકો માટે પગાર સિસ્ટમ દાખલ કરીને જીતેલા કિલ્લાની પ્રજા આપણી જ પચપ્રજા છે, તેના રક્ષણની જવાબદારી હવેથી આપણી છે તેવો સંદેશ આપ્યો.

તે સમયે ભારતમાંથી દેશ વિદેશમાં વેપાર થતો હતો. પરંતુ આપણા જહાજોને દરિયાના ચોચિયાઓ લૂંટી લેતા. તેમની અને જહાજોની સુરક્ષા માટે તેમને નૌકાદળની સ્થાપના કરી. નૌકાદળની સ્થાપના તે વખતે નવીન વિચાર હતો. તેને તેમને મજબૂત બનાવ્યું.

તેઓ ખેતરમાં સોનાના હળથી ખેડતા હતા અને ખેતીની સીઝનની શરૂઆત કરાવતા. તેઓને જ્યારે પૂછ્યું કે તમે સોનાના હળ થી કેમ ખેડો છો તો તેઓ કહેતા ધરતી ખેડૂતોને પાકના રૂપમાં સોનુ આપે છે તેથી હું સોનાના હળથી ખેતી કરું છું .

આપણને ભણાવવામાં આવતું કે જહાંગીરનો ન્યાય જાણીતો છે. એક વખત એક વૃદ્ધાએ જ્યાંયનો ઘંટ વગાડ્યો. જહાંગીરે તેને પૂછ્યું કે તને શાનો અન્યાય થયો છે તેને કહ્યું કે મારા પતિને તમારા દીકરાએ મારી નાખ્યો છે. જહાંગીરે કહ્યું કે લે આ તલવાર અને તું તેનું શીશ ધડથી અલગ કરી દે. કોઈ વૃદ્ધ પોતાની જાતે રાજાના પુત્રનો વધ કઈ રીતે કરી શકે? સાચી રીતે તો રાજાએ જાતે તેનો વધ કરી ન્યાય આપવો જોઈએ. આ ન્યાય નહોતો દેખાડો હતો.

શિવાજી મહારાજે એક કિલ્લા ઉપર હુમલો કર્યો. ખૂબ દ્વંદ્વ યુદ્ધ થયું. શિવાજી મહારાજે કિલ્લો જીતી લીધો. તેમણે જાણ્યું કે કોઈએ બાતમી આપી દીધી હતી કે શિવાજી કિલ્લા ઉપર હુમલો કરવાના છે, તેથી દુશ્મનોએ તૈયારી કરી દીધી હતી. શિવજીએ જાણ્યું કે બાતમી આપનાર તેમના મામા હતા. શિવજીએ તેમની શોધખોળ આદરી. તેઓ સંતાઈ ગયા.શિવજીએ તેમને મૃત્યુદંડની સજા કરી.

તેમના મામા શિવજીના ગુરુ પાસે ગયા અને મૃત્યુદંડ માફ કરાવવા માટે કરગર્યા. શિવજીના ગુરુ શિવાજી પાસે આવ્યા અને તેમને ગુરુદક્ષિણા આપવા જણાવ્યું. શિવજીએ માંગવાનું કહ્યું. તેમને તેમના મામાની મૃત્યુદંડની સજા માફ કરવા જણાવ્યું. તેમને મામાનો મૃત્યુદંડ માફ કર્યો. ગુરુના ગયા પછી શિવજીએ જંગલમાં ગમે ત્યાંથી તેમના મામાને શોધી કાઢવા સૈનિકોને મોકલ્યા અને જણાવ્યું કે તેમના હાથપગ કાપી નાખજો. સૈનિકોએ તેમને પકડીને તેમના હાથપગ કાપી નાખ્યા. જંગલી પ્રાણીઓ તેમનો કાળ કરી ગયા.

તેમના ગુરુએ જ્યારે આ વાત જાણી ત્યારે તેઓ ખુબજ ગુસ્સે થઇ શિવાજી પાસે આવ્યા. તેમને શિવજીને વચનભંગ કર્યો હોવાનું જણાવ્યું. શિવજીએ કહ્યું કે મેં તેને મૃત્યુદંડ નથી આપ્યો. મેં ફક્ત તેના હાથપગ કાપી નાખ્યા છે. બાકીનું કામ જંગલી જણાવાઓએ પૂરું કર્યું. તમેજ મને શીખવ્યું છે કે દેશદ્રોહ જેવો કોઈ અપરાધ નથી. પોતાના સગા હોઈ તો પણ ન્યાય સૌને માટે સરખો હોવો જોઈએ. એવો તેમનો તટસ્થ ન્યાય હતો.

# અંકલેશ્વર એસ્ટેટમાં COP -4 માં શ્રી પંચદેવ મંદિર ભૂમિપૂજનના પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે કથા અને હવનનું આયોજન કરાયું



અંકલેશ્વર એસ્ટેટમાં આવેલ COP -4 (કોમન ઓપન પ્લોટ )માં તારીખ ૧૧ મી જાન્યુઆરી અને શનિવારે સાંજે ચાર વાગ્યે વિશ્વ હિન્દુ પરિષદ ભરૂચ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ તેમજ સમસ્ત હિન્દૂ સમાજ અંકલેશ્વર દ્વારા શ્રી રામજન્મ ભૂમિ મંદિરના પ્રથમ પાટોત્સવ તેમજ COP -4 માં શ્રી પંચદેવ મંદિર ભૂમિપૂજનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે શ્રી સત્યનારાયણ ભગવાનની કથા તેમજ વૈદિક હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# PIA ક્રિકેટ ટૂર્નામેન્ટમાં રચના કન્સ્ટ્રક્શનની ટિમ વિજેતા બની




પાનોલી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિન્ટર સ્પોર્ટ્સ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક્રિકેટ ઉપરાંત બીજી ૧૩ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૯૮ ટીમોએ ભાગ લીધો હતો જેમાં રચના કન્સ્ટ્રકશન અને ઓમ સાંઈ રામ ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે ફાઈનલ રમાઈ હતી. જેમાં રચના કન્સ્ટ્રકશનની ટિમ વિજેતા બની હતી. જયારે સાંઈ રામ ઈન્ડસ્ટ્રીઝ રનર્સ અપ બની હતી. જયારે અન્ય રમતોમાં

ટેબલટેનિસટુર્નામેન્ટ: પ્રથમ ક્રમે વિજેતા —પાલક ચરખાવાલા (ઈન્ડોના ઈન્ડસ્ટ્રીઝ), બીજા ક્રમે વિજેતા — પંકજ ભરવાડા (પીઈએ).

ચેસ ટુર્નામેન્ટ: પ્રથમ ક્રમે વિજેતા - પ્રશાંત જોશી ( હાઈકલ લિમિટેડ), બીજા ક્રમે વિજેતા - મિત્તલ પટેલ (ઘરડા કેમિકેલ્સ લિમિટેડ).

કેરમ બોર્ડ ટુર્નામેન્ટ: પ્રથમ ક્રમે વિજેતા - મયુર મહોર (જે.બી. કેમિકેલ્સ લિમિટેડ), બીજા ક્રમે વિજેતા - સંજય વારછીયા (જે.બી. કેમિકેલ્સ લિમિટેડ).

વોલ્લીબોલ ટુર્નામેન્ટ: પ્રથમ ક્રમે વિજેતા - વર્લ્ડકેમ, બીજા ક્રમે વિજેતા - ઓમકારકેમિકેલ્સ ઈન્ડસ્ટ્રીઝ.

રેસ ટુર્નામેન્ટ: ૨૦૦ મીટર પ્રથમ ક્રમે વિજેતા -ભાગીરથ ડાકી (પાનોલી ફાયર), બીજા ક્રમે વિજેતા - ઉત્તમ બારીયા (પાનોલી ફાયર).

રેસ ટુર્નામેન્ટ: ૧૦૦ મીટર પ્રથમ ક્રમે વિજેતા -અમજત ખાન (મેગા ઈનોવેટિવ્સ ક્રોપ્સ ), બીજા ક્રમે વિજેતા - ભગીરથ ડાકી (પાનોલી ફાયર).

ટગ ઓફ વૉર :પ્રથમ ક્રમે વિજેતા - ઈન્ડોના ઈન્ડસ્ટ્રીઝ, બીજા ક્રમે વિજેતા - આર. એસ. પી. એલ.

શોટ પુટ :પ્રથમ ક્રમે વિજેતા - અજય વસાવા (લબ્ધી એગ્રો), બીજા ક્રમે વિજેતા - પ્રશાંત (આર. એસ. પી. એલ.).

લોન્ગજુમ્પ :પ્રથમ ક્રમે વિજેતા - અજયવસાવા (લબ્ધી એગ્રો), બીજા ક્રમે વિજેતા - ભાગીરથ ડાકી (પાનોલી ફાયર).

કબડ્ડી: પ્રથમ ક્રમે વિજેતા - પાનોલી ફાયર-એ , બીજા ક્રમે વિજેતા - પાનોલીફાયર-બી.

વેઈટલિફ્ટિંગ :પ્રથમ ક્રમે વિજેતા - મોલીશ (આર. એસ. પી. એલ.), બીજા ક્રમે વિજેતા - પ્રશાંત(આર. એસ. પી. એલ.).

જાવેલીન થ્રોન :પ્રથમ ક્રમે વિજેતા -અજય વસાવા (લબ્ધી કેમ એગ્રો), બીજા ક્રમે વિજેતા - અનિલ ગામિત (પાનોલીફાયર).

કેરમ બોર્ડ ટુર્નામેન્ટ વુમન્સ :મોહિશ મહાવીરજી (સલ્ફરમિલ્સલિમિટેડ), બીજા ક્રમે વિજેતા - સકીનાખાન (જે.બી. કેમિકેલ્સલિમિટેડ).

આ ટુર્નામેન્ટના આયોજનમાં સ્પોર્ટ્સ કમિટીના ચેરમેન મહંમદ ફીજીવાળાએ ખાર રસ લીધો હતો. તેમને રમત ક્ષેત્રે અનન્ય લગાવ છે. પાનોલી ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનના પ્રમુખ બી.એ. પટેલે જણાવ્યું હતું કે તેઓ ખાસ બ્રિટનથી આ ટૂર્નામેન્ટ આયોજિત કરવા આવે છે અને અનન્ય રસ લે છે. જેને લઈને છેલ્લા ૨૩ વર્ષથી સતત આ ટુર્નામેન્ટનું આયોજન થાય છે. અને ક્રિકેટમાં દર વર્ષે ટિમો વધતી જાય છે જે વધીને ૯૮ સુધી પહોંચી છે. ખાતે તો ક્રિકેટ સિવાય બીજી ૧૩ રમતોનું પણ આયોજન કરાયું હતું. જેમાં ખેલાડીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો તે બહુ મોટી વાત છે. આ ઉપરાંત સ્પોર્ટ્સ કમિટીના કો-ચેરમેન હેમંત પટેલ તેમજ બીજા કમિટીના સભ્યો ઈનામ વિતરણ વખતે હાજર રહ્યા હતા.


PERFECT SCALE — Govt. Approved
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
SINCE - 1988
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

samarth.mhas@gmail.com
www.samarthmhe.com
Prakash Bhut
78749 41886
Samarth
Material Handling Equipment
M-1, Plot No: 311/83, Rajat Pharma, Opp. Zydus Cadila (Unit-1), GIDC, Ankleshwar - 393 002

TRA — T. R. ASSOCIATES
T. R. ASSOCIATES AND ENVIRONMENT PVT. PTD.
Formerly Known as (T.R. ASSOCIATES)
Environment Consultant (NABET Consultant)
Environmental Clearance (MoEF & CC/SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 92658 26814
E-mail: adm.trassociates@gmail.com
A-401, S.G. Business Hub, Between Sola Bhagwat & Gota Overbridge, S.G. Highway, Ahmedabad

SOUTH INDIA ROADWAYS ANK.
KAUSHIK PACKERS & MOVERS
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

॥ कौशल्यं श्रेष्ठबलं तदैव राष्ट्रस्य उत्थानकारणम् ॥
HMP
VOCATIONAL TRAINING INSTITUTE
Govt, Approved "SKILL INDIA,"
Affiliated, through E.V.I.
"SKILL INDIA"- CERTIFICATE IS VALID FOR GOVT, JOB, ALSO.
[SUPPORTED & GUIDANCE BY – L&T]
ADMISSION OPEN

| Sr No | TRADE | QUALIFICATION | AGE LIMIT |
|---|---|---|---|
| {1} | AOCP | Std.12,or ITI/ Dip. Pass/Fail | 16 to 30 years |
| {2} | ELECTRICIAN | Std.10, pass. or ITI/DEE/Pass/Fail | 16 to 30 years |
| {3 } | FITTER | Std.9, pass or ITI/DME/Pass/Fail | 16 to 30 years |

CONTACT:- PRINCIPAL HMP VTI - KHAROD.- MOB. No.9687810005/6355217329
..NH-8, - GIDC Panoli, Kharod, Nr. Public school...

Sahebrao G. Fand Mo: 98980 56462, 92275 56462
VISHAL TILES & MARBLE CO.
Plot No. 7320, G.I.D.C., Karmatur Chokdi, Ankleshwar - 393 002.
RAINBOW GALICHA TILES & CHIPS IND.
Plot No. 731/9, G.I.D.C., Karmatur Chokdi, B/h. Vishal Tiles, Ankleshwar - 393 002.
Manufactures & Contractors For All Kinds of Galicha, Plain, Mosaic, Terrezo & Composed Marble Tiles, Rubber MouldPaver & Chequred Tiles Etc.

Munna Sing, Mob: 98244 86716
Manish singh, Mob: 98244 18777
FIDICON DEVICES INDIA PVT. LTD.
Manufacturer, Exporter & Service Provider of Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002|Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com


માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002